કાંકરેજ તાલુકાના આકોલી ગામે આવેલ વાઘેલા પ્રાથમિક શાળામાં સુરક્ષા સેતુ અંતર્ગત શિહોરી પોલીસ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં શિહોરી પી.એસ.આઈ. એમ. ડી. ચંપાવત, આચાર્ય આશાબેન બરંડા, લીલાબેન ચૌધરી, મનિષા મકવાણા, સરપંચ વિજુભા વાઘેલા સહિત પોલીસ કર્મીઓ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મામાં ટુલ કીટ્સ માટે ઉઘરાણું કરતા બે બોગસ ક્લાર્ક ઝડપાયા

વિજયનગર તાલુકાના લાભાર્થીઓને બોગસ ઓર્ડર આપી ખેડબ્રહ્મા બોલાવી રૂ. ૧૨૦૦ ની કાચી પહોંચ આપતાં ભાંડો ફૂટ્યો

(તસવીર : રમેશ વેષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં મંગળવારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા સ્વરોજગારી ટુલ કીટ્સ આપવાના બહાને ઉદ્યોગ કેન્દ્રના ક્લાર્ક તરીકે ઓળખ આપી ભાડાના ખર્ચ પેટે દરેક લાભાર્થી પાસેથી રૂ. ૧૨૦૦ની કાચી પાવતી આપતાં છેતરપીંડી થઈ રહી હોવાની શંકા જતા ભાંડો ફૂટ્યો હતો. આ અંગે વિજયનગર તાલુકાના લાભાર્થીઓએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સાબરકાંઠા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની માનવ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારી ટુલ કીટ્સ સહાય યોજના અમલમાં છે. આ ટુલ કીટ્સના બોગસ ઓર્ડર આપી વિજયનગર તાલુકાના ૬૦ થી ૭૦ લાભાર્થીઓને ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં બોલાવવામાં આવ્યા હતા. હિંમતનગરને રહેઠાણ જણાવતા દિલિપભાઈ ચીમનભાઈ પટેલ તથા રમેશભાઈ વેણાભાઈ પટેલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની માનવ કલ્યાણ યોજના અંતર્ગત ટુલ કીટ્સ સહાયના ૫૦ થી ૬૦ લાભાર્થીઓના અસલ ફોટા સાથેના કીટ્સ પેપર લઈ મંગળવારે ખેડબ્રહ્મા આવ્યા હતા અને તાલુકા પંચાયતમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ક્લાર્ક તરીકે ઓળખ આપી કારણ સહીત બેસવાની જગ્યા માગી હતી. જેથી તાલુકા પંચાયત દ્વારા આદિજાતી વિકાસ શાખાનું ટેબલ ખાલી હોઈ ત્યાં બેસવા જણાવ્યું હતું. દરમિયાન વિજયનગર તાલુકાના લીમડા-નાલશેરી-કેલાવા-બાલેટા તથા ડોડીયાવાડા સહીતના ગામોના ૬૦ થી ૭૦ લાભાર્થીઓ પાસેથી ટુલ કીટ્સના ભાડાના ખર્ચા પેટે દરેક લાભાર્થીઓને પાસેથી રૂ. ૧૨૦૦ ની કાચી પહોંચ આપી રકમ ઉઘરાવવાનું ચાલુ કર્યુંહતું. પાકી પહોંચ ન આપતાં અને રૂ. ૧૨૦૦ લઈ ખેડબ્રહ્મા આવવાના ખોટા ઓર્ડરનું લખાણ જોતા શંકા ઉભી થઈ હતી. જેથી કેટલાક લાભાર્થીઓએ તાલુકા પંચાયતમાં ઉપસ્થિત પ્રમુખ ભોજાભાઈ એચ. મકવાણાને જાણ કરી હકીકતથી વાકેફ કર્યા હતા. જેથી ભોજાભાઈએ ખેડબ્રહ્મા તાલુકા ભાજપના પ્રમુખ ગુલાબસિંહ યુ. વાઘેલા તથા મોહનભાઈ લુહારને સાથે રાખી આ અંગે ઉંડી તપાસ કરાવી હતી. જેમાં દિલિપભાઈ પટેલ તથા રમેશભાઈ પટેલ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ક્લાર્ક હોવા અંગે ચોક્કસ આધારભૂત જવાબ આપી શક્યા ન હતા. જેથી તેઓ બંને બોગસ ક્લાર્ક હોવાનો ભાંડો ફૂટી ગયો હતો. આ સમયગાળા દરમિયાન તેઓએ જુદા જુદા ૧૮ લાભાર્થીઓ પાસેથી રૂ. ૧૨૦૦ પ્રમાણે રૂ. ૨૧૬૦૦નું ઉઘરાણુ કરી ચુક્યા હતા. આ બંને લેભાગુ ક્લાર્ક વિરૂદ્ધ પાંડોર લાલજીભાઈ રણછોડાઈ, સુરેશભાઈ નાનજીભાઈ ફનાત, બેચરભાઈ એસ. ડાભી, ચંદ્રીકાબેન ચંદુભાઈ પાંડોર સહીતના લાભાર્થીઓએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરીયાદ આપી હતી.

દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામના ખેડૂતો રોસે ભરાયા

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા. ૮

દાંતીવાડા તાલુકામાં આવેલા હડમતીયા ડેમમાંથી પાણી રાત્રીના સમયે વેડફાતુ હોવાની કેનાલનું રીપેરીંગ કામ પણ ન થતું હોવાથી ડેમના રાત્રી પાળીના કર્મચારીઓ પાણી અનિયમિત છોડતા હોવાની આમ અનેક ફરિયાદો ખેડૂતો મારફતે ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા તાલુકાના ઓઢવ શેરગઢ, તાલેપુરા, વેલાવાસ ગામોના હડમતીયા ડેમ મારફતે ખેતીનું પાણી પુરૂ પાડવામાં આવે છે. ખેડૂતો ડેમના સત્તાધીશો વગ ધરાવતા લોકો માટે વાલા-દવલાની નીતિ સાથે ખેડૂતોની ખેતી કરેલ પાકોને સમયસર પાણી ન આપી પાકોને નુકશાન કરાવી રહ્યાની લોક ફરિયાદ કરી રહ્યા છે. અને અનિયમિત પાણી છોડવામાં આવે છે જેના કારણે ખેતરોમાં પાણી ફરી વળે છે જેથી ફરી પાકોને નુકશાન થવા પામે છે. તેમ ઘણા ખેડૂતો સુધી પાણી જ પહોંચતુ નથી આમ તેઓએ પાણી ન મળવાના કારણે નુકશાન થાય છે તે આ બધી બાબતોથી ખેડૂતોમાં કચવાટ થાય છે અને અવારનવાર પાણી બાબતે ઝઘડા મોટુ સ્વરૂપ ધારણ કરે છે. આવુ અગાઉ પણ બની ચુક્યુ છે. આમ કેનાલનું પાણી વેડફાઈ ન જાય અને નિયમિત પાણી મળે અને રાત પાળીમાં ફરજ બજાવતા કર્મચારીઓ પર ઉપરના કર્મીઓ ધ્યાન રાખી કામ જવાબદારી પૂર્વક કરાવે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

વલ્લભ વિદ્યાનગરમાં આજે નિવૃત્ત મુખ્ય સચિવ પ્રવીણભાઈ લહેરી ભાઈકાકા વ્યાખ્યાન આપશે

ચારુચર વિદ્યામંડળના સંસ્થાપકલ્પમાંના એક પૂજય ભાઈકાકાની સ્મૃતિમાં પ્રતિવર્ષ યોજાતી પૂ. ભાઈકાકા વ્યાખ્યાનમાળા અંતર્ગત ૪૧મું વ્યાખ્યાન આવતીકાલે ગુરુવાર ૯ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ ગુજરાત સરકારના નિવૃત્ત મુખ્ય સચિવ અને શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી સચિવશ્રી પ્રવીણભાઈ લહેરી આપશે. બીવીએમ ઓડિટોરીયમમાં બપોરના ૩-૦૦ વાગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ જાહેર વ્યાખ્યાનમાં સહભાગી થવા માટે પૂ. ભાઈકાકા અને સીવીએમનાં સ્વજનો અને શિક્ષણ જગત સાથે સંકળાયેલાં સૌને ભાવભીનું નિમંત્રણ છે એવું સીવીએમના માનદમંત્રી પ્રિ. એસ.એમ. પટેલે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ગુજરાતના સંનિષ્ઠ સનદી અધિકારી અને ગાંધી-સરદાર વિષયક ગ્રંથોના જાણીતા લેખક શ્રી લહેરી પૂજય ભાઈકાકાના સામાજિક, શૈક્ષણિક અને વહીવટી યોગદાન વિશે વ્યાખ્યાન આપી વલ્લભ વિદ્યાનગરના અને સરદાર પટેલ યુનિ.ના આદ્યસ્થાપકને યથોચિત અંજલિ અર્પશે.

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી હિંમતનગર ખાતે થનાર છે. રાજ્ય કક્ષાની આ ઉજવણીના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના વડાગામ ખાતે નાગરીક પુરવઠા નિગમના ચેરમેન ભૂપેન્દ્રસિંહ લાખાવાળાના હસ્તે વિકાસકામો માટે ખાતમુહૂર્ત વિધિ યોજાઈ હતી. જેમાં પૂર્વ ધારાસભ્ય દિલિપસિંહ પરમાર, સૂર્યભાણસિંહજી સહિતના આગેવાનો જોડાયા હતા. (તસવીર : કલ્પેશ જોષી)

હિંમતનગરના ગૌરક્ષક દ્વારા કતલખાને લઈ જવાતા ૪૨ પશુઓ બચાવાયા

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા પાસેથી એક ટ્રકમાં ખીચોખીચ ભરેલા પશુઓ અમદાવાદ કતલખાને લઈ જવાતા હોવાની બાતમીના આધારે હિંમતનગર ગૌરક્ષક અને જીવદયા પ્રેમીઓ દ્વારા અલગ અલગ વોચ ગોઠવી ફિલ્મી ઢબે પીછો કરી ૪૨ પશુઓનો જીવ બચાવ્યો હતો.

અરવલ્લી જિલ્લાના મોડાસા પાસેથી ટ્રક નં. જીજે-૯ વાય ૯૭૬૭માં બેરહમીથી પશુઓ ભરીને અમદાવાદ કતલખાને લઈ જવાતા હોવાની બાતમીના આધારે હિંમતનગર ગૌ રક્ષક સમિતિ દ્વારા અમદાવાદ જવાના માર્ગે ઉપર વોચ ગોઠવવામાં આવી હતી અને હિંમતનગરથી પસાર થતી પશુઓ ભરેલ ટ્રકનો પીછો કરતા કરતા પ્રાંતિજ ટોલનાકા ઉપરથી ઝડપી પાડી હતી અને ટ્રકને પ્રાંતિજ પોલીસ મથકમાં લઈ જવામાં આવી હતી. સવારે ટ્રકને પાઈલોટ કરતી સ્વીફટ કાર નં. જીજે-૨ ૩-પી-૪૮૫૩ને પણ પકડી પોલીસને સોંપવામાં આવી હતી. આમ ગૌરક્ષકોએ કુલ પાંચ શખ્સોને પણ પકડી પોલીસ હવાલે કરવામાં આવ્યા હતા. પોલીસે પશુઓને ઈડર પાંજરા પોળમાં મોકલી આપ્યા હતા.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

ધનસુરામાં વિકાસ કામોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં વિવિધ વિકાસ કામોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજયકક્ષાના મંત્રી ઉપસ્થિત રહ્યા હતાં. અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે વિવિધ વિકાસ કામોના અનુસંધાને આજે ધનસુરામાં સ્થિત નવીન રાજીવ ગાંધી ભવન અને આંગણવાડીના મકાનનું ઉદઘાટન મંત્રી જયેશ રાદડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. અને મંત્રીઓ પ્રસંગોચિત ઉદબોધન પણ કર્યું હતું. આ ઉદઘાટન સમારંભમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેમલતાબેન પટેલ, કાન્તિભાઈ પટેલ, ત્રિવેણીબેન પટેલ, અતુલ બ્રહ્મભટ્ટ, અનિલભાઈ પટેલ, જયંતિલાલ શાહ, ધીરુભાઈ મહેતા સહિત મોટી સંખ્યામાં સદસ્યો કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

વાવ ધારાસભ્યનો જનસંપર્ક પ્રવાસ યોજાયો

પાલનપુર, તા. ૮

ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીએ પોતાના મતવિસ્તારના ભાભર વિસ્તારના ગામોમાં સંબંધિત સરકારી અધિકારીઓને સાથે રાખીને પ્રવાસ કાર્યક્રમ યોજયો હતો. જેમાં અબાળા, વડાણા, ચેમ્બુવા, તેતરવા, સણવા, વજાપુર નવા, વજાપુર જુના, સનેસડા, મેરા, ખારી પાલડી, કુંવાળા વિગેરે ગામોએ ગ્રામજનોના પ્રશ્નો અને તેમની રજુઆતો સાંભળીને તેના નીકાલ માટે સંબંધિત અધિકારીઓને સુચનાઓ આપી હતી.

ધારાસભ્ય સાથે સ્થાનીક ભાજપાના પદાધિકારીઓ શ્રીમતી નૌકાબેન પ્રજાપતિ, ડૉ. નરેશભાઈ અખાણી, રાજુભાઈ રાવલ, જીવણગીરી ગોસ્વામી, અમથુજી ઠાકોર, સવરાજભાઈ ચૌધરી, હરીભાઈ આચાર્ય, લાલજીભાઈ પટેલ, ઠાકરસીભાઈ ઠાકોર, હીરાજી ઠાકોર, હરચંદજી ઠાકોર, તલાજી ઠાકોર, લક્ષ્મણભાઈ દેસાઈ, લક્ષ્મણભાઈ માળી, રમેશજી ઠાકોર, ખેમાજી ઠાકોર, નાગજીજી ઠાકોર તેમજ સ્થાનિક અધિકારીઓમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, આરોગ્ય, પાણી પુરવઠા, જી.ઈ.બી. અને નર્મદાના અધિકારીઓ સાથે રહ્યા હતા.

કાંકરેજ તાલુકાના ખારીયા મોટા જામપુર માર્ગ પર ગત રોજ એક ડમ્પરના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી ૧૪ જેટલા વીજ થાંભલાને તોડી નાંખ્યા હતા. એક ડી.પી.ને પણ નુકશાન થયું હતું. જયારે આજ સમયે ટોઈંગ ડમ્પરને અકસ્માત નડયો હતો. જેમાં ૯ વ્યકિતઓને ઈજાઓ થવા પામી હતી. (જેણુભા વાઘેલા)

પાલનપુર લો કોલેજમાં માનવ અધિકાર શિક્ષણ શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૮

પાલનપુર ખાતે આવેલ બી.કે. મર્ક્ન્ટાઈલ બેંક લૉ કોલેજમાં દરવર્ષની જેમ આ વર્ષે પણ માનવ અધિકાર શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં મુખ્ય મહેમાન તરીકે હે.ઉ.ગ્રુ. યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. દીપુબા દેવડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને માનવ અધિકાર ઉપરાંત કર્તવ્ય પર વિશેષ ભાર મુકી જ્ઞાનસભર વ્યાખ્યાન આપ્યું હતું. બાદમાં બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળના પ્રમુખ શિરીષ મોદી માનવ અધિકારોનો ખ્યાલ અને સમજૂતી વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

મહેસાણામાં કોંગ્રેસની સદાચાર યાત્રા યોજાઈ

મહેસાણા, તા. ૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત સદાચાર યાત્રાના મહેસાણા જિલ્લામાં વિવિધ સ્થળોએ જાહેર સભા સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

આજે કોંગ્રેસની સદાચાર યાત્રા વિસનગરથી ઊંઝા થઈને બપોરે મહેસાણા ખાતે પહોંચી હતી. વિસનગરથી ઊંઝા વચ્ચે કાંસા, વાલમ, તરભ, ઐઠોર વગેરે ગામોમાં કોંગ્રેસના કાર્યકરો અને લોકોએ હાજર રહી ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

દરમિયાન સવારના સમયે આ યાત્રા ઊંઝા શહેરમાં પ્રવેશી હતી. શહેરના ઉમિયા માતા ચોકથી ગાંધી ચોકમાં નીકળીને શહેરના માર્કેટયાર્ડમાંથી પસાર થઈ હતી. આ વેળા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો, કાર્યકરો તેમજ લોકોએ ઉપસ્થિત રહી યાત્રાને આવકારી યાત્રામાં સામેલ કોંગ્રેસ અગ્રણીઓનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. વર્ષો બાદ કોંગ્રેસની સદાચાર યાત્રા નીકળતા સ્થાનિક કાર્યકરો અને વેપારીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ઊંઝાથી નીકળીને યાત્રા મહેસાણા તરફ નીકળી હતી જયાં માર્ગમાં ઉનાવા અને ભાન્ડુ ખાતે લોકોએ યાત્રાનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ આ યાત્રા બપોરના સમયે મહેસાણા પહોંચતા શહેરના તોરણવાળી માતાના ચોકમાં જાહેરસભા યોજાઈ હતી.

યાત્રા સાથે જોડાયેલા પ્રદેશ કોંગ્રેસ સમિતિના અગ્રણી સાગર રાયકા, પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બળદેવજી ઠાકોર, મહિલા કોંગ્રેસના આગેવાન રેખાબેન ચૌધરી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરી રાજયની ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. રાજયની ભાજપ સરકાર દ્વારા થયેલ ભ્રષ્ટાચાર છેવાડાનો માનવી જાણી શકે તે માટે આ સદાચાર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન